GJVL050006962018

દાખલ તારીખ	૨૦/૦૮/૨૦૧૮
નોંધ્યા તારીખ	૨૦/૦૮/૨૦૧૮
નિર્ણય તારીખ	૦૧/૦૮/૨૦૨૬
સમયગાળો	વર્ષ ૦૭ માસ ૧૧ દિવસ ૧૨

સત્યમેવ જયતે

–::નમૂનો–અ::–

ધરમપુરના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.

ચુકાદાની તારીખ : ૦૧/૦૮/૨૦૨૬

ફોજદારી કેસ નં. ૫૯૨/૨૦૧૮

ગુનાની કલમ	ઈ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)
પ્રથમ માહિતી અહેવાલ નંબર	એમ. કેસ નં.૧/૨૦૧૮
પોલીસ સ્ટેશન	ધરમપુર પોલીસ સ્ટેશન
ફરિયાદપક્ષ	નામદાર સરકારશ્રી
રજૂઆત	એ.પી.પી.શ્રી બી.એસ.ભોયે
આરોપીપક્ષ	૧) ગુલાબભાઈ વજીરભાઈ ઠાકોર, વ્યવસાય– ખેતી, ઉ.વ. ૭૬, રહે. નાની ઢોલડુંગરી, દારી ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ. ૨) ઠાકોરભાઈ નેમાભાઈ ગરાસીયા, વ્યવસાય– ખેતી, ઉ.વ. ૫૫, રહે. વિરવલ, મંદિર ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ.

	૩) ચંપકભાઇ ઝીણાભાઇ પટેલ (મરણ), વ્યવસાય– ખેતી, ઉ.વ. ૫૮, રહે. વિરવલ, પટેલ ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ. ૪) કુલજીભાઇ ભીખાભાઇ પટેલ, વ્યવસાય– ખેતી, ઉ.વ. ૮૦, રહે. નાની ઢોલડુંગરી, દાદરી ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ.
રજૂઆત	વિ.વકીલશ્રી એસ.સી.પટેલ
–::નમૂનો–બ::–	
ગુનો બન્યા તારીખ	૨૨/૦૬/૨૦૦૭ થી આજ દિન સુધી
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	૧૬/૦૪/૨૦૧૮
આખરી અહેવાલની તારીખ	૧૩/૦૮/૨૦૧૮
ચાર્જશીટ રજુ થયા તારીખ	૨૦/૦૮/૨૦૧૮
તહોમત ફરમાવ્યા તારીખ	૧૨/૧૦/૨૦૧૮
પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ	૧૨/૧૦/૨૦૧૮
જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ	૨૦/૦૭/૨૦૨૬
જજમેન્ટ/હુકમની તારીખ	૦૧/૦૮/૨૦૨૬

::આરોપીની વિગત ::

અ નુ. નં.	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુક્ત	તહોમત	શું નિર્દોષ છોડયા	કરવામાં આવેલ	સુનાવણી દરમિયાન અટકાય નો

					/ સજા કરી	સજા	સમયગાળો ફો. કા. સંહિતા નીકલમ ૪૨૮ મુજબ
૧	ગુલાબ ભાઇ વજીરભાઇ ઠાકોર	૩/૮ /૧૮	–	ઇ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)	નિર્દોષ	–	–
૨	ઠાકોર ભાઇ નેમાભાઇ ગરાસીયા	૩/૮ /૧૮	–	ઇ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)	નિર્દોષ	–	–
૩	ચંપકભાઇ ઝીણા ભાઇ પટેલ	૩/૮ /૧૮	–	ઇ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)	નિર્દોષ	–	–
૪	કુલજી ભાઇ	૩/૮ /૧૮	–	ઇ.પી.કોડની કલમ– ૧૮૧,	નિર્દોષ	–	–

	ભીખા ભાઈ પટેલ			૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)			

::નમૂનો ક::

મૌખિક પુરાવા :–

અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :–

અનુ.	નામ	આંક
(૧)	પંચસાહેદ સુમનભાઇ ગમનભાઇ પટેલની જુબાની	૨૮
(૨)	પંચસાહેદ ચીમનભાઇ મોતીભાઇ પટેલની જુબાની	૩૩
(૩)	સાહેદ સુરેશભાઇ બાબુભાઇ પટેલની જુબાની	૪૩
(૪)	સાહેદ જશુભાઇ દશરૂભાઈની જુબાની	૫૧
(૫)	ત.ક.અ.શ્રી પ્રશાંત પોપટલાલ બ્રહ્મભટ્ટની જુબાની	૫૬

બ. બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા :–

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

ક. અદાલત ધ્વારા :–

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

P.R.Dhankhar
JMFC - DHARAMPUR

<u>દસ્તાવેજી પુરાવા :–</u>

અ. <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>

અનુ.	આંક	પુરાવાનું વર્ણન
(૧)	૩૨	ઠરાવબુક ગુનાના કામે કબજે કરવાની હોય તે બાબતનું પંચનામું
(૨)	૪૪	પી.ટી. આર.ની સર્ટીફાઈડ કોપી
(૩)	૪૫	ઓડીટ રીપોર્ટ રજીસ્ટર અનુસુચિ–૧૦ ની સર્ટીફાઈડ કોપી
(૪)	૪૬	ટ્રસ્ટનો ફેરફાર રીપોર્ટ જેની સાથે ટ્રસ્ટના સાધનિક કાગળો રજુ કરેલ તેની સર્ટીફાઈડ કોપી
(૫)	૪૭	તા.૦૪/૦૮/૨૦૧૧ ના રોજ ન્યાય પરચુરણ અરજી નં. ૦૪/૧૧ થી ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશ્નરની કચેરીમાં સાર્વજનિક ટ્રસ્ટમાં સુધારો કરવા અંગે આપેલી અરજીની સર્ટીફાઈડ કોપી
(૬)	૪૮	કેળવણી વિભાગ વિરવલના બંધારણની કોપી
(૭)	૫૭	ફોજદારી ઈન્કવાયરી નંબર– ૦૨/૨૦૧૮ થી નોંધાયેલ ઈન્કવાયરી
(૮)	૫૮	તા.૨૧/૫/૧૮ ના રોજ જા.નં.૧૦૦/૧૮ થી મહે. ચેરીટી કમિશ્નરશ્રી જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી વલસાડ ખાતે ગુનાના કામે માહિતી મળવા બાબતે કરેલ પત્ર
(૯)	૫૯	તા.૯/૭/૧૮ ના રોજ મદદનીશ ચેરીટી કમિશ્નર વલસાડ નાઓને રીપોર્ટ આપી નકલો મેળવવા બાબતે લખેલ પત્ર.
(૧૦)	૬૦	મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રી વલસાડ નાઓ નકલ ફી

		પેટે રૂા.૧૦૫/– ભરાવેલા તેની રસીદ
(૧૧)	૬૧	તા.૯/૭/૧૮ ના રોજ વિરવલ વિભાગ કેળવણી મંડળની કારોબારી અસલ ઠરાવબુક રજુ કરવા બાબતે લખેલ પત્ર
(૧૨)	૬૨	ફરિયાદી હાલની ફરિયાદના કામે અસલ ઠરાવબુકોની ખરી નકલ રજુ કરવા માંગતા હોય જે અનુસંધાને સોગંદનામું કરેલ, જે અસલ સોગંદનામું
(૧૩)	૬૩	તા.૯/૭/૧૮ ના રોજની ઠરાવબુક મળ્યા અંગેની રસીદ

બ. <u>બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>

અનુ ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

ક. <u>અદાલત દ્વારા :–</u>

અનુ ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

<u>ડ. સામગ્રીની વસ્તુઓ :–</u>

અનુ ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

P.R.Dhankhar
JMFC - DHARAMPUR

-:: ચુકાદો ::-

કેસની ટુંકી હકીકત :

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી મોજે વિરવલ ગામ ખાતે આવેલ વિરવલ વિભાગ કેળવણી મંડળમાં તા.૨૨/૦૬/૨૦૦૭ ના રોજ આરોપી નં.૧ ની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવા બાબતેના ખોટા ઠરાવ કરી તથા જે ઠરાવ ખોટા હોવાનું જાણવા છતાં આરોપીઓએ ખોટા સોગંદનામા કરી તે ઠરાવ તથા સોગંદનામા ચેરીટી કમિશ્નર વલસાડ ખાતે રજુ કરી આરોપી નં.૧ નાઓ પ્રમુખ તરીકે, આરોપી નં.૩ મંત્રી તરીકે, આરોપી નં.૪ હિસાબનીશ તરીકે તથા આરોપી નં.૨ ખજાનચી તરીકે હોદ્દાઓ ધારણ કરી હાલ સુધીના જે પણ રીપોર્ટો જે તે કચેરીઓમાં આરોપી નં.૧ નાઓ પ્રમુખ ન હોવા છતાં પ્રમુખનો ખોટો હોદ્દો ધારણ કરી મંડળના પ્રમુખનો સિકકો મારી તેના ઉપર તેઓની સહીઓ કરી વિરવલ વિભાગ કેળવણી મંડળ સાથે ઠગાઈ કરી ગુનો કરેલ હોઈ તે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

ન્યાયિક કાર્યવાહી :

(૨) હાલના કામના આરોપીઓ વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ કલમ- ૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂદ્ધ **ઈ.પી.કોડની કલમ- ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)** ના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ- ૨૦૪ અન્વયે આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. સી.આર.પી.સી. કલમ- ૨૦૭ માં ઠરાવેલ જોગવાઈ અનુસાર આરોપીઓને તેઓને બચાવ માટે પોલીસ

તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઇ ધ્યાને લેતાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨(એકસ) મુજબ વોરંટ ટ્રાયેબલ ગુનો હોય **આંક–પ** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૬ થી ૯ સુધી આરોપીઓનું નિવેદન નોંધતા તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ–૨૪૨ મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન :

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીઓનું ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં આરોપીઓનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઈન્કારનો છે. આરોપીઓએ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપવાનું પસંદ કરેલ નથી. વધુમાં, તેઓએ વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે,''અમો નિર્દોષ છીએ. ટ્રસ્ટની કાર્યવાહી બંધારણ મુજબ થયેલ છે. ટ્રસ્ટને કોઈ નુકસાન થયેલ નથી. અમોએ કોઇ ગેરરિતી કરેલ નથી, ખોટા ઠરાવ કરેલ નથી, ખોટી જાહેરાત કરેલ નથી, ખોટું સોગંદનામું કરેલ નથી. અમારી સામે ચેરીટી કમિશ્નરે ટ્રસ્ટના વહીવટ બાબતે કે ગેરરિતી હોવાની કોઈ ફરિયાદ કરેલ નથી.''

દલીલ :

(૪) સદર કામે બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી વિરવલ ગામ ખાતે આવેલ વિરવલ વિભાગ કેળવણી મંડળમાં ખોટા સોગંદનામા કરી ઠરાવ તથા

સોગંદનામા ચેરીટી કમિશ્નર વલસાડ ખાતે રજુ કરી આરોપી નં.૧ નાઓ પ્રમુખ તરીકે, આરોપી નં.૩ મંત્રી તરીકે, આરોપી નં.૪ હિસાબનીશ તરીકે તથા આરોપી નં.૨ ખજાનચી તરીકે હોદ્દાઓ ધારણ કરી હાલ સુધીના જે પણ રીપોર્ટો જે તે કચેરીઓમાં આરોપી નં.૧ નાઓ પ્રમુખ ન હોવા છતાં પ્રમુખનો ખોટો હોદ્દો ધારણ કરી મંડળના પ્રમુખનો સિકકો મારી તેના ઉપર તેઓની સહીઓ કરી વિરવલ વિભાગ કેળવણી મંડળ સાથે ઠગાઇ કરી ઇ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ હોય જે ગુનાની પુરવાર ફરિયાદપક્ષ શંકાથી પરે આરોપીઓ વિરૂદ્ધ કરી દીધેલ હોય સમાજમાં દાખલો બેસાડવા હાલના કામના આરોપીઓને વધુમાં વધુ સજા કરવાની અરજ ગુજારેલ છે.

તેઓની સામે બચાવપક્ષ દ્વારા આંક–૬૪ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જેને રેકોર્ડેડ કરવામાં આવેલ છે અને તે અનુરૂપ જ બચાવપક્ષના વિ.વ.શ્રી એ મૌખિક દલીલો કરેલ છે.

ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતાં કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

–// મુદ્દાઓ //–

(૧)	શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી મોજે વિરવલ ગામ ખાતે આવેલ વિરવલ વિભાગ કેળવણી મંડળમાં તા.૨૨/૦૬/૨૦૦૭ ના રોજ આરોપી નં.૧ ની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવા બાબતેના ખોટા ઠરાવ કરી તથા જે ઠરાવ ખોટા હોવાનું જાણવા છતાં આરોપીઓએ ખોટા સોગંદનામા કરી તે ઠરાવ તથા સોગંદનામા ચેરીટી કમિશ્નર વલસાડ ખાતે રજુ કરી આરોપી નં.૧ નાઓ પ્રમુખ તરીકે, આરોપી નં.૩ મંત્રી તરીકે, આરોપી નં.૪

	હિસાબનીશ તરીકે તથા આરોપી નં.૨ ખજાનચી તરીકે હોદ્દાઓ ધારણ કરી હાલ સુધીના જે પણ રીપોર્ટો જે તે કચેરીઓમાં આરોપી નં.૧ નાઓ પ્રમુખ ન હોવા છતાં પ્રમુખનો ખોટો હોદ્દો ધારણ કરી મંડળના પ્રમુખનો સિકકો મારી તેના ઉપર તેઓની સહીઓ કરી વિરવલ વિભાગ કેળવણી મંડળ સાથે ઠગાઈ કરી ઈ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?
(૨)	શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

૧	**નકારમાં**
૨	**આખરી હુકમ**

–:: કા ર ણો ::–

(૬) આ કામના વર્તમાન આરોપીઓ વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં સકારાત્મક પુરાવાથી શંકાથી પરે સાબિત કરવાના રહે છે.

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી)** મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને જે ગુનાના કાયદાકીય આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો તે ક્યારે અને કેવી રીતે બને તેની ચર્ચા કરું તો તે નીચે મુજબ છે;

P.R.Dhankhar
JMFC - DHARAMPUR

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૧, ખોટું નિવેદન આપવાના ગુનાને સંબોધન આપે છે :–

જાહેર સેવક અથવા કાયદા દ્વારા આવા શપથ લેવા માટે અધિકૃત કોઈપણ વ્યકિતને શપથ અથવા પ્રતિજ્ઞા હેઠળ ખોટું નિવેદન આપવાના ગુનાને સંબોધિત કરે છે. જો કોઇ વ્યકિત કાયદેસર રીતે સત્ય કહેવા માટે શપથથી બંધાયેલ હોય અને જાણી જોઇને ખોટી માહિતી પૂરી પાડે, તો તેને ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઇ શકે છે અને દંડ પણ થઇ શકે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૯૨, ખોટા પુરાવા બનાવવા અંગે :–

તે કોઈપણ વ્યકિતને દંડ કરે છે જે ઈરાદાપૂર્વક ખોટા સંજોગો બનાવે છે. રેકર્ડસ/ઇલેકટ્રોનિક રેકર્ડસમાં ખોટી એન્ટ્રી કરે છે, અથવા ન્યાયિક કાર્યવાહી, જાહેર સેવક અથવા મધ્યસ્થી ગેરમાર્ગે દોરવાના ઈરાદાથી ખોટા નિવેદનો ધરાવતા દસ્તાવેજોનો મુસદ્દો બનાવે છે. જો ન્યાયિક કાર્યવાહીના કોઈપણ તબકકામાં ખોટા પુરાવાનો ઉપયોગ કરવા માટે બનાવટી બનાવવામાં આવે, તો ગુનેગારને ૭ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઇ શકે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૯૬, ખોટા પુરાવાઓનો ઉપયોગ કરવા બાબતે :–

તે જણાવે છે કે, જે કોઈપણ બનાવટી અથવા ખોટા પુરાવાનો ઉપયોગ કરે છે અથવા તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે, તે જાણીને કે તે ખોટા છે, તેને બરાબર એવી જ સજા કરવામાં આવશે જેમ કે તેણે પોતે ખોટા પુરાવા આપ્યા હોય અથવા બનાવટી બનાવ્યા હોય. તેની સજા કલમ–૧૯૧/૧૯૨ સાથે સુસંગત હોવાથી, જો ન્યાયિક તબકકામાં તેનો ઉપયોગ કરવામાં આવે તો, તેને ૭ વર્ષ

સુધીની કેદ અને દંડ થઇ શકે છે, અથવા અન્ય કેસોમાં ૩ વર્ષ સુધીની સજા થઇ શકે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૦, ખોટી ઘોષણાને સાચી હોવા છતાં તેને ખોટી ગણાવીને ભ્રષ્ટાચારથી ઉપયોગ કરવાના ગુના સાથે વ્યવહાર કરે છે :–

આ કાયદા હેઠળ જે કોઇ ખોટી ઘોષણાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે– તે જાણીને કે તેમાં કોઇપણ મહત્વપૂર્ણ મુદ્દા પર ખોટી માહિતી છે– તેને એવી સજા કરવામાં આવશે જાણે કે, તેણે ખોટા પુરાવા આપ્યા હોય. આ સજા ખોટા પુરાવા આપવા બદલ સમાન છે (જે કોર્ટ અને સંદર્ભના આધારે ૩ થી ૭ વર્ષ સુધીની કેદ અને દંડ થઇ શકે છે.)

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૧૬, દેખાવ દ્વારા છેતરપિંડીને વ્યાખ્યાચિત કરે છે :–

તે ત્યારે થાય છે જયારે કોઇ વ્યકિત બીજા વ્યકિત હોવાનો ડોળ કરીને, જાણી જોઇને એક વ્યકિતને બીજા વ્યકિત તરીકે બદલીને, અથવા ખોટી રીતે એવું રજુ કરીને કે તે અથવા કોઇ અન્ય વ્યકિત ખરેખર તે વ્યકિત છે તેવું રજુ કરીને છેતરપિંડી કરે છે. આ ગુનો લાગુ પડે છે, પછી ભલે તે વ્યકિત વાસ્તવિક હોય કે કાલ્પનિક. તેમાં ૩ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને થઇ શકે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૩, બનાવટીના ગુનાને વ્યાખ્યાચિત કરે છે :–

તે જણાવે છે કે, જે કોઇ ખોટો દસ્તાવેજ, ખોટો ઇલેકટ્રોનિક રેકર્ડ, અથવા તેનો કોઇપણ ભાગ બનાવે છે, છેતરપિંડી કરવા અથવા અન્ય વ્યકિત અથવા જનતાને નુકસાન પહોંચાડવાના હેતુથી, તે

બનાવટી કરે છે. આ ગુનાની સજા ઇ.પી.કોડની કલમ– ૪૬૫ માં નિર્ધારિત છે. બનાવટી બનાવવાના ગુનામાં દોષિત ઠરેલી વ્યકિતને ૩ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને થઈ શકે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૭૧, નકલી દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડને અસલી તરીકે વાપરવા બાબત :–

તે જણાવે છે કે, જો તમે અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક એવા દસ્તાવેજનો ઉપયોગ કરો છો જેને તમે જાણો છો અથવા માનવાનું કારણ છે કે તે બનાવટી છે, તો તમને એવી સજા કરવામાં આવશે જાણે તમે તેને જાતે બનાવટી બનાવ્યો હોય. આ દંડ ચોકકસ પ્રકારની બનાવટી બનાવટ માટે સજા જેટલો જ છે. સામાન્ય બનાવટી બનાવટ માટે, આનો અર્થ ૨ વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંને થઈ શકે છે. જો બનાવટી બનાવટમાં ''મૂલ્યવાન જામીનગીરી'' (દા.ત.– મિલકતના દસ્તાવેજો, પ્રોમિસરી નોટ્સ) નો સમાવેશ થાય છે, તો દંડ ૧૦ વર્ષ અથવા તો આજીવન કેદ સુધી પણ લંબાવી શકાય છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી), ગુનાહિત કાવતરા માટે સજા બાબત :–

જે ગેરકાયદેસર કૃત્ય કરવા અથવા ગેરકાયદેસર માધ્યમથી કાયદેસર કૃત્ય પ્રાપ્ત કરવા માટે બે અથવા વધુ લોકો વચ્ચેના કરાર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ગુના માટે સંમતિ આપવાની ક્રિયા જ સજાપાત્ર છે. ભલે ગુનો પોતે જ આખરે આચરવામાં ન આવ્યો હોય. ૬ મહિના સુધીની કેદ, દંડ અથવા બંનેની સજાની જોગવાઈ છે.

(૭) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મૂલ્યાંકન શબ્દની

અસરકારક કાનૂની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં.૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન. જાની ધ્વારા કરવામાં આવેલ છે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારિક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ એ અનઅસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે.''

આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઇ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

(૮) સદર કામે ફરિયાદપક્ષે આંક–૨૮ થી પંચસાહેદ સુમનભાઇ ગમનભાઇ પટેલની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની

સરતપાસમાં જણાવેલ છે કે,''અમોને આજથી ત્રણેક વર્ષ અગાઉ ધરમપુર પો.સ્ટે. માં બોલાવેલા. ત્યાં ફરિયાદી બાબુભાઈ છોટુભાઈ દેસાઈ નાઓ હાજર હતા. ત્યાં અમોને વિરવલ હાઈસ્કુલની ઠરાવબુક લાવેલ તે અમોને બતાડેલ. જે બુકમાં જોતાં તેમાં ઠરાવો હતા અને બાકીના પાના કોરા હતા અને કોરા પેજ પછી લખેલા પેજ હતા. તે સિવાય બીજું અમોને કંઈ યાદ નથી. મને આજ રોજ વિરવલ વિભાગ કેળવણી મંડળ, ધરમપુર, જિ. વલસાડની કારોબારી ઠરાવબુક આજ રોજ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે, તે ઠરાવબુક અમોના રૂબરૂ ફરિયાદીએ રજુ કરેલ. જેના કુલ પાના ૧૨૪ છે. જે ઝેરોક્ષ છે. મને મુદ્દામાલ પાવતી નં- ૭૦ આર્ટીકલ- ૧/૨૦૨૩ વાળી કારોબારી ઠરાવબુક ૧ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, પાના નં.- ૧ થી ૧૨૪ પાનીબુક છે અને પાના ઉપર વિરવલ વિભાગ કેળવી મંડળનો ગોળ સિકકો મારેલ છે અને તેના ઉપર પેજ નંબર લખવામાં આવેલ છે. આ ઠરાવબુક મને બતાવવામાં આવેલ હતી પરંતુ ઠરાવબુક વંચાવવામાં આવેલ નહી અને આ ઠરાવબુકમાં અમૂક પેજ કોરા હતા અને અમૂક પેજ લખેલ હતા તેવું મને બતાવવામાં આવેલ હતું. આ ઠરાવબુક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, ઠરાવબુકમાં ચેરીટી કમિશ્નરમાં જે ઠરાવ નં.-૨ થી ઠરાવ નં-૭ તા.૨૨/૬/૨૦૦૭ ના રોજ રજુ કરેલ છે તેની કોઈપણ જાતની નોંધ કે લખાણ આ ઠરાવબુકમાં નથી અને આ ઠરાવબુક અમારી સમક્ષ ફરિયાદએ રજુ કરેલ હતી અને જે અંગેનું પંચનામું અમારી રૂબરૂ કરવામાં આવેલ હતું અને અમારી અને સાથે ચીમનભાઈ મોતીભાઈ પટેલના બીજા પંચ તરીકે હતા અને તેમાં અમોએ સહી કરેલી જે અસલ પંચનામું અમોને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે પંચ નં.-૨ તરીકે મારી સહી છે, જે ઓળખી બતાવું છું. જે આંક- ૩૨ થી રજુ છે.''

ત્યારબાદ સદરહું પંચસાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા

લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે,'' મે તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલી. અમોએ કોઇ હકીકત પોલીસને લખાવેલ નહી. તે સિવાય બીજી કોઇ પંચનામાની અમોને જાતમાહિતી નથી.''

(૯) સદર કામે ફરિયાદપક્ષે આંક–૩૩ થી પંચસાહેદ ચીમનભાઇ મોતીભાઇ પટેલની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,'' આજથી પાંચ–છ વર્ષ અગાઉ ધરમપુર પોલીસ સ્ટેશન અમોને બોલાવેલ હતા અને અમારી સાથે સુમનભાઈ હાજર હતા. ફરિયાદી બાબુભાઈ છોટુભાઈ પટેલ જેઓ વિરવલ હાઈસ્કુલના આચાર્ય હતા, તેઓએ ગુલાબભાઈ વિજયભાઈ વિગેરે નાઓ ઉપર ફરિયાદ કરેલ હતી જે કામે પોલીસવાળાએ અમોને વિરવલ હાઈસ્કુલના ચોપડાઓ પંચનામાની વિગતે કબજે કરવાના હોઈ પંચમાં રહેવા માટે પોલીસ સ્ટેશન ગયેલ હતા અને અમોને પોલીસના માણસોએ ઠરાવબુક બતાવેલ હતી જે ઠરાવબુક વિરવલ કેળવણી મંડળની હતી. અમો આજ રોજ વિરવલ હાઈસ્કુલની ઠરાવબુક લાવેલ તે અમોને બતાવવામાં આવે છે. જે બુકમાં જોતાં તેમાં ઠરાવો હતા અને બાકીના પાના કોરા હતા અને કોરા પેજ પછી લખેલા પેજ હતા. તે સિવાય બીજું અમોને કંઈ યાદ નથી. મને આજ રોજ વિરવલ વિભાગ કેળવણી મંડળ, ધરમપુર, જિ. વલસાડની કારોબારી ઠરાવબુક આજ રોજ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે, તે ઠરાવબુક અમોના રૂબરૂ ફરિયાદીએ રજુ કરેલ. જેના કુલ પાના ૧૨૪ છે. આંક– ૩૨ વાળી મુદ્દામાલ પાવતી નં.– ૭૦ આર્ટીકલ – ૧/૨૦૨૩ વાળી કારોબારી ઠરાવબુક ૧ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, પાના નં.– ૧ થી ૧૨૪ પાનીબુક છે અને પાના ઉપર વિરવલ વિભાગ કેળવી મંડળનો ગોળ સિકકો મારેલ છે અને તેના ઉપર પેજ નંબર લખવામાં આવેલ છે. આ ઠરાવબુક મને

બતાવવામાં આવેલ હતી પરંતુ ઠરાવબુક વંચાવવામાં આવેલ નહી. આ ઠરાવબુકમાં અમૂક પેજ કોરા હતા અને અમૂક પેજ લખેલ હતા તેવું મને બતાવવામાં આવેલ હતું. આ ઠરાવબુક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, ઠરાવબુકમાં ચેરીટી કમિશ્નરમાં જે ઠરાવ નં.– ૨ થી ઠરાવ નં.– ૭ તા.૨૨/૬/૨૦૦૭ ના રોજ રજુ કરેલ છે તેની કોઈપણ જાતની નોંધ કે લખાણ આ ઠરાવબુકમાં નથી અને આ ઠરાવબુક અમારી સમક્ષ ફરિયાદએ રજુ કરેલ હતી અને જે અંગેનું પંચનામુ અમારી રૂબરૂ કરવામાં આવેલ હતું અને અમારી અને સાથે ચીમનભાઈ મોતીભાઈ પટેલના બીજા પંચ તરીકે હતા અને તેમાં અમોએ સહી કરેલી, જે અસલ પંચનામું અમોને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે પંચ નં.– ૨ તરીકે મારી સહી છે, જે ઓળખી બતાવું છું.''

ત્યારબાદ સદરહું પંચસાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે,''પોલીસે એક લખાણ તૈયાર કરેલ હતું અને તેમાં મે સહી કરેલ હતી. અમોએ કોઇ હકીકત પોલીસને લખાવેલ નથી. પોલીસ પાસે એક લખેલ કાગળ હતું તેમાં મે સહી કરેલ હતી. ઠરાવબુક કબજે કરવામાં આવેલ હતી. તે સિવાયની બીજી કોઇ અમોને જાતમાહિતી નથી.''

(૧૦) સદર કામે ફરિયાદપક્ષે આંક–૪૩ થી સાહેદ સુરેશભાઇ બાબુભાઇ પટેલની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,''બનાવના અરસામાં અમો સુરત મુકામે અધિક્ષક સંયુકત ચેરીટી કમિશ્નરની કચેરીમાં નોકરી પર હાજર હતા અને વલસાડ મુકામે સને જૂન– ૨૦૨૧ થી જૂન– ૨૦૨૨ ની સાલમાં ઈન્ચાર્જ અધિક્ષક વલસાડ તરીકે હાજર હતા. અમારી ચેરીટી કમિશ્નરની ઓફિસમાં વીરવલ વિભાગ કેળવણી મંડળ, વીરવલ, તા.

ધરમપુરમાં ટ્રસ્ટ નં. ઈ/૩૮૨/વલસાડથી ટ્રસ્ટની નોંધણી થયેલ હતી. જેની નોંધણી પી.ટી.આર. પર નોંધાયેલ હતી. જે પી. ટી.આર. અમો આ કામે રજુ કરીએ છીએ. જે પી.ટી. આર. અમારી સાથેના સહકર્મી નવનીત એમ. પટેલ નાઓએ જે તે સમયે સર્ટીફાઈડ કોપી ઈસ્યુ કરેલી. જે આંક– ૪૪ થી રજુ છે. અમારી ઓફિસ દ્વારા અમારી સાથેના સહકર્મી નવનીત એમ. પટેલ નાઓએ ઓડીટ રીપોર્ટ રજીસ્ટર અનુસુચિ–૧૦ ની કોપી સર્ટીફાઈડ ઈસ્યુ કરેલી. જેમાં પણ તેમની સહી છે. જે હું ઓળખું છું. જે આંક– ૪૫ થી રજુ છે. સદર ટ્રસ્ટનો ફેરફાર રીપોર્ટ પણ સોગંદનામા સાથે ટ્રસ્ટીઓએ અમારી કચેરીમાં રજુ કરેલો. જેની સાથે તેમની ટ્રસ્ટના સાધનિક કાગળો પણ રજુ કરેલા. અમારી સાથેના સહકર્મી નવનીત એમ. પટેલ નાઓએ જેની કોપી સર્ટીફાઈડ ઈસ્યુ કરેલી. જેમાં પણ તેમની સહી છે. જે હું ઓળખું છું. જે આંક– ૪૬ થી રજુ છે. તા.૦૪/૦૮/૨૦૧૧ ના રોજ ન્યાય પરચુરણ અરજી નં. ૦૪/૧૧ થી ટ્રસ્ટીઓએ અમારી કચેરીમાં સાર્વજનિક ટ્રસ્ટમાં સુધારો કરવા અંગે આપેલી. અમારી સાથેના સહકર્મી નવનીત એમ. પટેલ નાઓએ જેની કોપી સર્ટીફાઈડ ઈસ્યુ કરેલી. જેમાં પણ તેમની સહી છે, જે હું ઓળખું છું. જે આંક–૪૭ થી રજુ છે. કેળવણી વિભાગ વીરવલ નાઓએ તેઓનું બંધારણ અમારી કચેરીમાં જે તે સમયે રજુ કરેલું. જેની કોપી અમારી સાથેના સહકર્મી નવનીત એમ. પટેલ નાઓએ ઈસ્યુ કરેલી. જેમાં પણ તેમની સહી છે, જે હું ઓળખું છું. જે આંક– ૪૮ થી રજુ છે. આમ, સદર વીરવલ વિભાગ કેળવણી મંડળ, વીરવલ, તા. ધરમપુરનું ઈ/૩૮૨/ વલસાડના સાર્વજનિક ટ્રસ્ટ તરીકે અમારી કચેરીમાં નોંધણી થયેલ હતી અને તેના ટ્રસ્ટીઓ દ્વારા જે પણ દસ્તાવેજી પુરાવા તેમજ ટ્રસ્ટને લગતા અન્ય દસ્તાવેજો રજુ કરેલા તે અમારી કચેરી દ્વારા સર્ટીફાઈડ કોપી જે તે સમયે પો.સ.ઈ. પી.પી. બ્રહમભટ્ટ નાઓએ સર્ટીફાઈડ કોપીની માંગણી કરેલી તેના આધારે અમારી કચેરી દ્વારા ઉપરોકત

જણાવેલ દસ્તાવેજો આપવામાં આવેલ હતા.''

ત્યારબાદ સદરહું સાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે,'' કાગળો રજુ કર્યા સિવાય અમોને કોઇ જાતમાહિતી નથી. કહેવાતા ખોટા ઠરાવ બાબતે અમારી કચેરી દ્વારા કોઇ ફરિયાદ કરવામાં આવેલ નથી.''

(૧૧) સદર કામે ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ જશુભાઇ દશરૂભાઇની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,'' તા.૧૬/૦૪/૧૮ ના રોજ અમો ધરમપુર પો.સ્ટે. પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. પી.એસ.આઈ. તરીકે પી.પી. બ્રહમભટ્ટ સાહેબ નાઓએ એક લેખિતમાં ફરિયાદ આપતા જે આઈ.પી.સી. કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી) મુજબની ફરિયાદ જે એમ. કેસ નામ. કોર્ટ તરફથી આવતા ગુનો દાખલ કરી આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી પી.પી. બ્રહમભટ્ટ સાહેબ નાઓને સુપ્રત કરેલી. અમોને એમ. કેસના કામે રજુ થયેલી આંક– ૧ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં જે તે સમયે ફરિયાદી બાબુભાઈ છોટુભાઈ દેસાઈ નાઓએ સહી કરેલી, તે ફરિયાદ અમોને આપતા અમોએ રજીસ્ટર કરેલી.''

ત્યારબાદ ઉપરોકત સાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે,'' ફરિયાદીએ મારી રૂબરૂમાં કોઇ ફરિયાદ આપેલી હોય એવું બનેલ નથી, મે માત્ર લેખિત ફરિયાદનો ઉતારો કરેલો છે. મારે આ ફરિયાદ બાબતે કોઇ તપાસ કરવાની થયેલી નથી. અમોએ કોઈપણ સાહેદના નિવેદન લીધેલ નથી. લેખિત ફરિયાદ ઉતારો કરતી વખતે અમોએ ફરિયાદીનું કોઇ વિશેષ નિવેદન લીધેલ નથી.''

(૧૨) ફરિયાદપક્ષે આંક–૫૬ થી ત.ક.અ.શ્રી પ્રશાંત પોપટલાલ બ્રહ્મભટ્ટની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,'' સને ૨૦૧૮ માં અમો ધરમપુર પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૩/૪/૧૮ ના રોજ પ્રિન્સીપાલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી. ધરમપુર, જિ. વલસાડ તરફથી જા.નં. ૩૫૫/ ૨૦૧૮, તા.૧૩/૪/૧૮ થી પત્ર મળેલ. જે પત્ર દ્વારા ફોજદારી ઈન્કવાયરી નંબર– ૦૨/૨૦૧૮ થી નોંધાયેલ ઈન્કવાયરી તપાસ અર્થે અમારી તરફ કરેલ. જે આ કામે આંક– ૫૭ થી રજુ છે. ત્યારબાદ અમોએ ફરિયાદી બાબુભાઈ છોટુભાઈ દેસાઈ નાઓને બોલાવી તેમનું ઈન્કવાયરીના કામે નિવેદન મેળવી તેમની ફરિયાદ લીધેલી, જે ધરમપુર પો.સ્ટે. એમ.કેસ નંબર–૧/૧૮, તા.૧૬/૪/૧૮ થી ઈ.પી.કોડની કલમ– ૧૮૧, ૧૯૨, ૧૯૬, ૨૦૦, ૪૧૬, ૪૬૩, ૪૭૧, ૧૨૦(બી) મુજબ ગુનો રજીસ્ટર કરેલો. સદર ઈન્કવાયરી રીપોર્ટ સાથે અમોને સદર ટ્રસ્ટને લગતા ડોક્યુમેન્ટસ પણ મળેલા. આમ સદર કામની તપાસ અમોને મળતા અમોએ પ્રથમ સાહેદ મનુભાઈ ચુનીલાલ ધાડીયાનું નિવેદન લીધેલ છે. તા.૨૧/૫/૧૮ ના રોજ જા.નં.૧૦૦/૧૮ થી મહે. ચેરીટી કમિશ્નરશ્રી જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી વલસાડ ખાતે ગુનાના કામે માહિતી મળવા બાબતે પત્ર તૈયાર કરી અમારી સહીથી મોકલેલ. જે પત્ર આ કામે આંક–૫૮ થી રજુ છે. જે અનુસંધાને માહિતી ન આવતા અમોએ તા.૯/૭/૧૮ ના રોજ મદદનીશ ચેરીટી કમિશ્નર વલસાડ નાઓને રીપોર્ટ આપી નકલો મેળવવા બાબતે પત્ર લખેલ. જે આ કામે આંક– ૫૯ થી રજુ છે. જે અનુસંધાને અમોને મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રી વલસાડ નાઓ નકલ ફી પેટે રૂા.૧૦૫/– ભરાવેલા. તેની રસીદ આ કામે આંક– ૬૦ થી રજુ છે. અમોને ચેરીટી કમિશ્નરની કચેરી દ્વારા કુલ ૭૧ કાગળો ચેરીટી કમિશ્નરની કચેરી દ્વારા સર્ટીફાઈડ કોપી આપવામાં આવેલી જે અમોએ સદર કામે સામેલ

રાખેલા. ત્યારબાદ અમોએ ફરિયાદી તેમજ પ્રમુખશ્રી વીરવલ વિભાગ કેળવણી મંડળ, વીરવલ નાઓને તા.૯/૭/૧૮ ના રોજ વીરવલ વિભાગ કેળવણી મંડળની કારોબારી અસલ ઠરાવબુક રજુ કરવા બાબતે પત્ર લખેલો. જે પત્ર આ કામે આંક– ૬૧ થી રજુ છે. જે અનુસંધાને બાબુભાઈ છોટુભાઈ દેસાઈ નાઓએ રૂા.૨૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી રૂબરૂ એક સોગંદનામું કરીને તેમણે જણાવેલ કે, અસલ ઠરાવબુકની અમારે સદર ટ્રસ્ટના અને કાર્યવાહીના કામે વહીવટમાં જરૂર હોય અને હાલની ફરિયાદની આખરી સુનવણી તથા નિકાલમાં લાંબો સમય લાગે તે સ્વાભાવિક છે જે સંજોગોમાં હાલની તપાસના કામે અસલ ઠરાવબુકો રજુ કરવાથી ઉપરોકત કાર્યવાહીમાં મુશ્કેલી ઉભી થાય એમ છે. જે હકીકતોને ધ્યાનમાં લઈને અમો ફરિયાદી હાલની ફરિયાદના કામે અસલ ઠરાવબુકોની ખરી નકલ રજુ કરવા માંગીએ છીએ. જે અનુસંધાને સોગંદનામું કરી અમોને સુપ્રત કરેલ, જે અસલ સોગંદનામું આ કામે આંક– ૬૨ થી રજુ છે. આ કામે અમોને ઠરાવબુકની સર્ટીફાઈડ કોપી પેજ નં.૧ થી ૧૨૩ પાનાની સર્ટીફાઈડ કોપી આપેલી જે અમોએ આ કામે સામેલ રાખેલ અને આ કામના ફરિયાદીએ અમારી પાસે આ ઠરાવબુક બાબતે રસીદની માંગણી કરતા અમોએ તેઓને ઠરાવબુક મળ્યા અંગેની રસીદ તા.૯/૭/૧૮ ના રોજ મારા હોદ્ધાનો સિકકો તેમજ સહી કરીને આપેલી, જે રસીદ આ કામે આંક– ૬૩ થી રજુ છે. ત્યારબાદ અમોએ આ કામના આરોપીઓને સી.આર.પી.સી. ની કલમ–૪૧(૧)એ મુજબની નોટીસ મોકલેલી. આ કામના તમામ આરોપીઓના નિવેદનો લીધેલા. અમોએ સદર કામે ઠરાવબુક કબજે કર્યા અંગેનું પંચનામું પણ કરેલ. આ કામના આરોપીઓ સામે પુરતા પુરાવા જણાઈ આવતા અમોએ તેમના વિરૂદ્ધમાં ચાર્જશીટ દાખલ કરેલી.''

ત્યારબાદ સદરહું ત.ક.અ.શ્રી એ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્ધારા લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે,'' ફરિયાદી

બાબુભાઈની પ્રમુખ તરીકેની વરણી/નિમણૂક સને ૨૦૧૬ માં થયેલી. ૨૦૦૫ થી ૨૦૧૬ દરમિયાન ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી સમિતીના સભ્યો કોણ હતા તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. હાલની ફરિયાદ ૨૦૦૫ થી ૨૦૧૬ દરમિયાનના ઠરાવો અંગેની છે. આરોપી ગુલાબભાઈ વજીરભાઈએ ચેરીટી કમિશ્નરને ૨૦૦૬–૦૭ થી ૨૦૧૬ દરમિયાન પત્ર વ્યવહાર કરેલો તેની નકલો મને તપાસના કામે ચેરીટી કમિશ્નર તરફથી મળેલી છે. ખંડુભાઈ નેમાભાઈ દેસાઈ તા.૧૪/૧૨/૨૦૦૫ ના રોજ અવસાન પામેલ ત્યારે તેઓ પ્રમુખ હતા. વિરવલ વિભાગ કેળવણી મંડળના બંધારણની નકલ મને મળેલી. સદર બંધારણમાં કાર્યવાહકોની ચુંટણી, પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી અને સામાન્ય સભાને બોલાવવાની કાર્યપદ્ધતિ દર્શાવે છે. સદર બંધારણના કલોઝ ૧૪ માં પ્રમુખ, ઉપપ્રમુખના અવસાનથી અથવા અન્ય રીતે જગ્યા ખાલી પડે તો કાર્યવાહી સમિતી પૈકી કોણે કામગીરી કરવી તે બાબતે જણાવવામાં આવેલ છે. સને ૨૦૦૫ થી ૨૦૧૬ દરમિયાન આ બંધારણ મુજબ પ્રમુખ, ઉપપ્રમુખની ગેરહાજરી બાબતે કઈ રીતે કામગીરી કરી શકાય તેની કોઈ સ્પષ્ટતા મે ચેરીટી કમિશ્નર પાસેથી મેળવેલી નથી. ફરિયાદના સંદર્ભે મંડળના નોંધાયેલા સભ્યોના કોઈ નિવેદન મે લીધા નથી. અસલ ઠરાવબુક આ કામે રજુ થયેલ નથી. ઠરાવબુકના પાના નં.૧૨૩ ઉપર જે પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે પ્રમાણપત્ર જે તે સમયના પ્રમુખ ખંડુભાઈ નેમાભાઈ નાએ આપેલ છે તેની સહી છે તે સહી આરોપીઓની નથી તેમજ તે સહી ફરિયાદીની પણ નથી. ૨૦૦૫ માં મંડળના પ્રમુખનું અવસાન થયા બાદ અને ૨૦૧૬ માં ફરિયાદીની પ્રમુખ તરીકે નિમણૂક થઈ તે દરમિયાન બંધારણ અનુસાર કાર્યવાહી સમિતીના સભ્યોએ મંડળનું સંચાલન કરી ચેરીટી કમિશ્નરને જરૂરી માહિતી અને ઠરાવ આપેલ હતો. ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ થયેલ ઠરાવની વિગતો ખોટી હોય એવો ચેરીટી કમિશ્નર તરફથી

અભિપ્રાય મળેલ નથી અને ઠરાવની વિગત ખોટી હોવાનું મારી તપાસમાં ખૂલેલ નથી. આ ઠરાવને કારણે ચેરીટી કમિશ્નરશ્રીએ કોઈ ખોટો અભિપ્રાય આપ્યો હોય તેવું પણ મારી તપાસમાં ખૂલેલ નહી. ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ થયેલ ડેકલેરેશન ખોટા હોવાનો કોઈ અભિપ્રાય ચેરીટી કમિશ્નરે મને આપેલ નથી. ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ થયેલ દસ્તાવેજો ખોટા બનાવ્યા હોય અને રજુ થયા હોય એવો ચેરીટી કમિશ્નરશ્રીએ મારી તપાસ દરમિયાન કોઈ અભિપ્રાય આપ્યો નહી, એવો અભિપ્રાય મે માંગેલ પરંતુ આપેલ નહી. વધુમાં તેઓએ એવું સ્વીકારેલ છે કે, ટ્રસ્ટને આ ઠરાવો અને આરોપીઓની કાર્યવાહીથી આર્થિક કે અન્ય રીતે નુકસાન થયું હોય એવું મારી તપાસમાં ખૂલેલ નથી.''

<u>**–: પુરાવાઓનું મૂલ્યાંકન :–**</u>

(૧૩) ફરિયાદપક્ષનો સમગ્ર કેસ એવો છે કે આરોપી નં.૧ થી ૪ નાએ પરસ્પર ગુનાહિત કાવતરૂ રચી વિરવલ વિભાગ કેળવણી મંડળ, વિરવલ ખાતે તા.૨૨/૦૬/૨૦૦૭ ના રોજ યોજાયેલી કાર્યવાહીમાં આરોપી નં.૧ ને પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હોવાનો ખોટો ઠરાવ તૈયાર કર્યો હતો અને તે ઠરાવ ખોટો હોવાની જાણ હોવા છતાં તેના સમર્થનમાં સોગંદનામા તૈયાર કરીને મદદનીશ ચેરીટી કમિશ્નર, વલસાડ સમક્ષ રજુ કર્યું હતું. તે આધારે આરોપી નં.૧ એ પ્રમુખ, આરોપી નં.૩ એ મંત્રી, આરોપી નં.૪ એ હિસાબનીશ તથા આરોપી નં.૨ એ ખજાનચી તરીકે હોદ્દા ધારણ કર્યા અને ત્યારબાદ વિવિધ સરકારી કચેરીઓમાં તે હોદ્દાનો ઉપયોગ કરીને ટ્રસ્ટના પ્રમુખનો સિક્કો મારી વિવિધ અહેવાલો અને દસ્તાવેજો રજુ કરી ટ્રસ્ટ સાથે તેમજ જાહેર સત્તા સાથે છેતરપિંડી કરી હોવાનો ફરિયાદપક્ષનો મુખ્ય આક્ષેપ છે.

P.R.Dhankhar
JMFC - DHARAMPUR

(૧૪) આરોપીઓએ આરોપનો સંપૂર્ણ ઇન્કાર કર્યો છે. બચાવપક્ષનો મુખ્ય બચાવ એવો છે કે, સમગ્ર વિવાદ ટ્રસ્ટના આંતરિક વહીવટ અને કાર્યવાહકોની પસંદગી સંબધિત છે, જેમ મૂળભૂત રીતે નાગરિક સ્વરૂપનો વિવાદ છે. ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ કરાયેલા દસ્તાવેજો ક્યારેય ખોટા જાહેર કરવામાં આવ્યા નથી, કોઈ સક્ષમ સત્તાધિકારીએ તે દસ્તાવેજોને બનાવટી ગણાવ્યા નથી, ટ્રસ્ટને કોઈ આર્થિક નુકસાન થયું નથી અને તપાસ દરમિયાન પણ આવા કોઈ પુરાવા પ્રાપ્ત થયા નથી. વધુમાં, તપાસ અધુરી, એકતરફી અને અનુમાન આધારિત હોવાનું બચાવપક્ષે રજુ કર્યું છે.

(૧૫) આ કેસમાં ફરિયાદપક્ષ ઉપર ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને ૧૦૨ મુજબનો ભાર (Burden of Proof) છે કે તે દરેક આરોપને વાજબી શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરે. ફોજદારી કાયદાનો મૂળભૂત સિદ્ધાંત એવો છે કે, આરોપી શરૂઆતથી નિર્દોષ હોવાનું અનુમાન ધરાવે છે અને જ્યાં સુધી ફરિયાદપક્ષ વિશ્વસનીય, કાયદેસર અને નિર્વિવાદ પુરાવાથી આરોપ સાબિત ન કરે ત્યાં સુધી તેને દોષિત જાહેર કરી શકાય નહી. શંકા, અનુમાન અથવા સંભાવના ક્યારેય પુરાવાનું સ્થાન લઈ શકતા નથી.

(૧૬) સર્વોચ્ચ અદાલતે **Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808** ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે, જો પુરાવામાં બે સંભવિત દ્દષ્ટિકોણ ઉભા થાય, જેમાં એક આરોપીની નિર્દોષતા તરફ દોરી જાય અને બીજો દોષિતતા તરફ, તો અદાલતે આરોપીને અનુકૂળ હોય તેવો દ્દષ્ટિકોણ સ્વીકારવો જોઈએ. તે જ રીતે **Sharad Birdhichand Sarda v. State of Maharashtra, (1984) 4 SCC 116** ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, ફોજદારી કેસમાં દરેક પરિસ્થિતિ સંપૂર્ણપણે સાબિત થવી જોઈએ અને તે માત્ર

આરોપીની દોષિતતા સાથે જ સુસંગત હોવી જોઈએ; જો અન્ય કોઈ સંભાવના અસ્તિત્વમાં હોય તો આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૧૭) હાલના કેસમાં સૌથી અગત્યની બાબત એ છે કે, ફરિયાદપક્ષનો સમગ્ર કેસ તા.૨૨/૦૬/૨૦૦૭ ના કહેવાતા ખોટા ઠરાવ અને તેના આધારે ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ થયેલા દસ્તાવેજો ઉપર આધારિત છે. તેથી સૌ પ્રથમ એ નિશ્ચિત થવું આવશ્યક છે કે તે ઠરાવ વાસ્તવમાં ખોટો હતો કે નહી, તે કોણે તૈયાર કર્યો હતો, તે બનાવટી હોવાનું સાબિત કરતો કયો કાયદેસર પુરાવો ઉપલબ્ધ છે અને આરોપીઓને તેની ખોટી હોવાની જાણ હતી કે નહી. આ તમામ મુદ્દાઓ ફરિયાદપક્ષે નિઃસંદેહ રીતે સાબિત કરવાના રહે છે.

(૧૮) રેકર્ડ ઉપરના પુરાવાનું અવલોકન કરતાં જણાય છે કે, ફરિયાદપક્ષે કથિત અસલ ઠરાવબુક અદાલત સમક્ષ રજુ કરી નથી. તપાસ અધિકારીના પુરાવા મુજબ ફરિયાદીએ અસલ ઠરાવબુક રજુ કરવાના બદલે માત્ર તેની પ્રમાણિત નકલ (Certified Copy) રજુ કરી હતી અને તપાસ પણ મુખ્યત્વે તે પ્રમાણિત નકલના આધારે કરવામાં આવી હતી. જ્યારે સમગ્ર ફોજદારી કેસનો આધાર અસલ ઠરાવની સત્યતા અને અસત્યતા ઉપર હોય ત્યારે અસલ ઠરાવબુક રજુ ન થવી એ ફરિયાદપક્ષના કેસમાં અત્યંત ગંભીર ખામી છે. ભારતીય પુરાવા અધિનિયમ મુજબ દસ્તાવેજની સામગ્રી સાબિત કરવાનો શ્રેષ્ઠ પુરાવો (Best Evidence Rule) અસલ દસ્તાવેજ જ ગણાય છે. ગૌણ પુરાવો ત્યારે જ સ્વીકાર્ય બને જ્યારે તેની કાયદેસર પાયાની સ્થાપના કરવામાં આવે. આ કેસમાં ફરિયાદપક્ષે અસલ ઠરાવબુક રજુ ન કરવાની પૂરતી અને સંતોષકારક કાનૂની સ્પષ્ટતા આપી નથી.

P.R.Dhankhar
JMFC - DHARAMPUR

